सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ થયા તારીખ | ૨૪–૦૬–૨૦૨૨ |
| દાખલ થયા તારીખ | ૨૪–૦૬–૨૦૨૨ |
| ફેંસલ થયા તારીખ | ૩૦ –૦૪–૨૦૨૬ |
| અવધિ | વર્ષ મહીના દિવસ |

**મહે. સતલાસણાના જયુડી.મેજી.શ્રી જે.ડી.પટેલ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુ. સતલાસણા.**

**ફોજદારી કેસ નં.૨૭૦/૨૦૨૨**
**આંક – ૬૯**

ફરીયાદી : મેવા જીગ્નેશકુમાર વશરામભાઈ
ઉ.વ.આ.પુખ્ત,ધંધો–પ્રાઈવેટ નોકરી ,
રહે. આમ્રપાલી સોસાયટી, વાવ,
તા.સતલાસણા, જિ.મહેસાણા.

*વિરૂધ્ધ*

આરોપી : જોષી કુલદીપ શંકરલાલ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–નોકરી,
રહે. એ–૪૦૪, શ્રીકુંજ વિલા,કુબેરનગર,
અમદાવાદ હાઈવે, પાલનપુર,જી. બનાસકાંઠા.

***નોઃ–ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.***

---

**રજુઆત – ફરીયાદ પક્ષ તરફે – આર.એસ.દરજી.**
**બચાવપક્ષ તરફે – પી. જે. ઠાકોર./જે.જે.પટેલ.**

---

**-:: ઠ રા વ ::-**

(૧) **<u>હકીકત</u> :** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી મોજે- આમ્રપાલી સોસાયટી, સતલાસણા, તા. સતલાસણાના, જી. મહેસાણાના કાયમી રહીશ છે તેમના અસીલ પ્રાઈવેટ નોકરી કરતા હોઈ, અને બજાજ ફાઈનાન્સમાં લોન ધરાવતા હોઈ જે હાલના આરોપીએ કરાવી આપેલ હોઈ અવાર નવાર તેના હપ્તા લેવા સારૂ મલવાનુ થતુ હોઈ વિશ્વાસજન્ય સબંધો કેળવાયેલા. એક વર્ષ અગાઉ આરોપીએ ફરીયાદીને લોન ભરીને પુરી કરી દેવા સારૂ ખાતામાં પૈસા નાંખવાનુ કહેતા ફરીયાદીએ તા. ૧૪/૧૨/૨૦૨૧ ના રોજ રૂા. ૧,૦૦૦/- તથા તા. ૧૫/૧૨/૨૦૨૧ ના રોજ રૂા. ૨૩,૦૦૦/- તથા તા. ૩૦/૧૨/૨૦૨૧ ના રોજ રૂા. ૩૦,૦૦૦/- ઓન લાઈન ખાતામાં ટ્રાન્સફર કરેલા અને તા. ૧૮/૧ ૨/૨૦૨૧ ના રોજ રૂા. ૧૦,૦૦૦/- તથા અને રૂા. ૮૦,૦૦૦/- રોકડા ખાતામાં બેંક ઓફ ઈન્ડીયા સતલાસણામાંથી આરોપીના ખાતામાં જમા કરાવેલ. આરોપીને વધુ પૈસાની જરૂર હોઈ પૈસા લેવા સતલાસણા તા. ૧૨/૦૨/૨૦૨૨ ના રોજ આવેલ તે વખતે ફરીયાદીએ રૂા. ૪૧,૦૦૦/- રોકડા આપેલા એમ મળી કુલ્લે રૂા. ૧,૮૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પંચ્યાસી હજાર પુરા) આપેલ જેમાં થી લોન ભરપાઈ કરેલ ન હોઈ ફરીયાદીએ આરોપીને પુછતાં પૈસા પરત આપવાનુ જણાવેલ. તેમાંથી આરોપીએ કુલ રૂા. ૪૧,૦૧૦/- જેમાંથી રૂા. ૧૯,૦૦૦/- તેમજ રૂા. ૧૦,૦૦૦/- ખાતામાં તેમજ રૂા. ૧૦,૪૬૯/- તેમજ બીજા પેનલ્ટીના પૈસા રૂા. ૧૫૪/- કુલ ચુકવેલા અને બાકીના હિસાબ પેટે રૂા. ૧,૪૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પિસ્તાલીસ હજાર) પુરાનો ચેક ફરીયાદીને તા. ૨૫/૦૪/૨૦૨૨ નો એચ.ડી.એફ.સી. બેંક પાલનપુર શાખાનો ખાતા નં. ૫૦૧૦૦૧૯૫૧૦૬૯૦૫ નો ચેક નં. ૦૦૦૦૩૬ નો આપેલ જે ચેક

નાખતા નાણાં મલી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ફરીયાદીએ સદર ચેક વટાવવા સારૂ બેંક ઓફ ઈન્ડીયા સતલાસણા શાખામાં તા. ૨૬/૦૪/૨૦૨૨ ના રોજ ભરતા સદર ચેક તા. ૩૦/૦૪/૨૦૨૨ ના રોજ **''ફંડ ઈનસફીશીયન્ટ''**ના શેરા સાથે પરત ફરતા જેની જાણ ફરીયાદીની બેંકે કરેલી જેથી કાયદેસરની લેણી રકમ રૂા. ૧,૪૫,૦૦૦/– ચુકવી આપવા જે અંગેની જાણ કરતી નોટીસ આરોપીને તારીખ ૧૮/૦૫/૨૦૨૨ ના રોજ ફરીયાદીએ તેઓના એડવોકેટ શ્રી મારફતે રજીસ્ટર પોસ્ટ એડી થી આપેલી જે આર.પી.એડી.થી આપેલ નોટીસ આરોપીને તારીખ. ૨૫/૦૫/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ આજ દીન સુધીમાં ફરીયાદીની બાકી નીકળતી કાયદેસરની રકમ વસુલ આપેલી નથી કે તેઓની નોટીસનું કોઈ પાલન કરેલું નથી. આમ, આરોપીએ ફરીયાદી પાસેથી કાયદેસરની નીકળતી લેણી રકમ ન ચુકવી આપી ફરીયાદી સાથે ફરીયાદી સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરી ધી નેગો. ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે.

**<u>આરોપી ની પ્લી</u> –**

(૨) ફરીયાદીએ રજુ કરેલ ફરીયાદ તેમજ ફરીયાદ સાથે રજુ ફરીયાદીનું સોગંદનામુ ઘ્યાને લઈ, આરોપી સામે પ્રોસેસ કાઢવામાં આવેલ. આરોપી કોર્ટમાં હાજર થતા આરોપીને ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ, સમન્સ ટ્રાયેબલ કેસ ગણીને ક્રિ.પ્ર ો.કોડની કલમ–૨૫૧ ની જોગવાઈઓ મુજબ આરોપીની **આંક–૬૮ થી** પ્લી નોંધવામા આવેલ છે. આરોપીએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરતા સદર કામે આરોપી સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

### –:: મૌખિક પુરાવો ::–

| ક્રમ નં. | સાહેદ નુ નામ | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદી મેવા જીગ્નેશકુમાર વશરામભાઈની જુબાની | ૦૪ |

### – :: દસ્તાવેજી પુરાવો ::–

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | તકરારી અસલ ચેક નં. ૦૦૦૦૩૬ | ૧૭ |
| (૨) | બેંકમાં ભરેલ સ્લીપ | ૧૮ |
| (૩) | ચેક રીટર્ન મેમો | ૧૯ |
| (૪) | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૨૦ |
| (૫) | આરોપીને નોટીસ આર.પી.એડી.કર્યાની પોસ્ટની સ્લીપ | ૨૧ |
| (૬) | આરોપીને નોટીસ બજી ગયા અંગેની એક નોલેજમેન્ટ સ્લીપ | ૨૨ |
| (૭) | બજાજ ફીનસવનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૩૨ |
| (૮) | બેંક ઓફ ઈન્ડીયાની રૂા. ૮,૦૦૦/– જમા કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ | ૩૭ |
| (૯) | આરોપીના ખાતામાં રૂા. ૧૦,૦૦૦/– જમા કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ | ૩૮ |
| (૧૦) | ફરીયાદીના ખાતાનુ સ્ટેટમેન્ટ અસલ | ૩૯ |
| (૧૧) | ફરીયાદીનુ બજાજ ફાયનાન્સનુ લોન સ્ટેટમેન્ટ | ૪૦ |
| (૧૨) | આરોપીનું ઈન્કમટેક્ષ રીર્ટન ઓન લાઈન કાઢેલ સ્ટેટમેન્ટ | ૪૧ |

ત્યારબાદ, ફરીયાદીએ **આંક–૪૨** થી કલોઝિંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે, જેમાં આરોપીએ તેમને પુછવામા આવેલ સવાલો માંહેની હકીકતોનો નકારાત્મ જવાબ આપી તેમના વિશેષ જણાવેલ છે કે, ફરીયાદીએ કરેલ કેસ સદંતર ખોટો છે. જે તે સમયે ફરીયાદીએ નાણાંકીય ભારમાંથી બહાર લાવવા માટે એક કરતાં વધુ બેંક અને ફાયનાન્સ ધ્વારા રૂા. ૧૧,૦૦,૦૦૦/– કરતાં વધુ લોન કરી આપેલ હોઈ અને અગાઉ નકકી કરેલ કમિશન પેટે રકમ ચુકવવી ન પડે તે સારૂ અન્ય વ્યકિતઓ પાસેથી અમારા ચેક મેળવી ખોટી ફરીયાદ કરેલ છે. આ અગાઉ કયારે પણ ફરીયાદીને બતાવેલ તારીખ મુજબ હું ફરીયાદીને સતલાસણા મળેલ નથી કે, કોઈ રોકડ વ્યવહાર થયેલ નથી. પૈસા આપવા ના પડે તે માટે ખોટો કેસ કરેલ છે. તેમજ આરોપીએ બચાવમાં સોગંદ ઉપર પુરાવો આપવાનો જાહેરાત કરેલ છે. તેમજ બચવામાં સાહેદો તપાસવા માંગતા હોવાનુ જણાવેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૫૨ | ક્રિ.કેસ.નં.૪૯૦/૨૦૨૨ ની નકલ |

ત્યારબાદ, આરોપીએ **આંક– ૫૪** થી કલોઝિંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તથા આરોપી તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬).. આ કામે ફરીયાદીની ફરીયાદનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

| | | |
|---|---|---|
| મુદ્દા નં.૧ | :- | શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ તેના દ્વારા નિભાવવામાં આવતા બેન્ક એકાઉન્ટ ઉપર લખવામાં આવેલ ચેક ફરીયાદીને કાયદેસરના લેણાં કે જવાબદારીની ચુકવણી માટે આપ્યા હતા અને વાદગ્રસ્ત ચેક તેની વેલીડીટી પિરીયર્ડમાં એનકેશ કરવા માટે આરોપીની બેન્કમાં ફરીયાદીએ રજુ કર્યો હતો અને વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતામાં ''**અપુરતા ભંડોળ**'' ના કારણે બીન સ્વીકારાયે પરત આવેલ હતો અને ફરીયાદીએ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ-૧૩૮(બી) મુજબ કાયદેસરની નોટીસ સમય મર્યાદામા મોકલી હતી અને સદર નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ કાયદેસરની મુદતમાં ફરીયાદીને વાદગ્રસ્ત ચેકની રકમ ચુકવી આપેલ નથી અને ફરીયાદીએ ફરીયાદ નિયત સમય મર્યાદામાં દાખલ કરેલ છે અને આરોપીએ તેમ કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ-૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનો કરેલ છે? |
| મુદ્દા નં.૨ | :- | શું હુકમ ? |

**(૭)..** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૧). હકારમા,

(૨). આખરી હુકમ મુજબ.

**–:: <u>કારણો</u> ::–**

**<u>મુદા નં.૧ –</u>**

(૮) આ કામે મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, કલમ–૧૩૮ તથા કલમ–૧૩૯ ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક જણાય છે, જે નીચે મુજબ છે.

**<u>નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮:</u> વટાઉખત વિશે માની લેવા ની બાબત :–**

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ ને આવુ દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદિલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ.

(ખ) તારીખ વિશે :

જેના ઉપર તારીખ હોય તેવુ દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

(ગ) સ્વીકારના સમય વિશે :

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

(ઘ) તબદિલીના સમય વિશે :

કોઈ વટાઉખતની દરેક તબદિલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિશે :

કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિશે :

ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ :</u> ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :–**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે હોય ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે, આ કલમનો કોઈ પણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે.....

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખ થી છ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બેમાંથી જે વહેલી આવતી હોય તેટલી મુદતની અંદર બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય.

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લખનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેંક પાસેથી તેની માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિતમાં નોટીસ આપીને નાણાંની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

(ગ) તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય.

સ્પષ્ટીકરણ:–આ કલમના હેતુ માટે ''દેવુ અથવા અન્ય જવાબદારી'' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

**<u>નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ :–</u> ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–**

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

(૯).. ઉપરોકત જોગવાઈઓ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતા તેમજ આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તથા બંને પક્ષની દલીલો ધ્યાને લેતા સદર કામે આરોપીએ ફરીયાદીને **આંક–૧૭** વાળો જે ચેક આપેલ છે તે કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણ કે અંશત: વસુલાત પેટે આપેલ છે તે મુજબનો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું હોય છે. આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારીનો બોજો આરોપી પર છે.

આ કામના ફરીયાદીએ **આંક–૦૪** થી સરતપાસનું સોગંદનામુ રજુ રાખી ફરીયાદીએ તેમાં ફરીયાદ હકીકતને દોહરાવી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક આંક–૧૭ થી રજુ કરેલ છે. સદર ચેક ધ્યાને અને વંચાણે લેતા આ ચેકમાં હાલના આરોપીની સહી છે અને પેઈ તરીકે આંક–૧૭ ના ચેકમાં જીગ્નેશકુમાર વશરામભાઈ મેવાનું નામ લખેલ છે. આંક–૧૭ વાળા ચેકમાં તા.૨૫/૦૪/૨૦૨૨

અને ચેકની રકમ  રૂા.૧,૪૫,૦૦૦/– બતાવેલ છે. સદર કામે આંક–૧૭ વાળા ચેકમાં આરોપીની સહી ન હોવાની આરોપીપક્ષની કોઈ જ તકરાર નથી અને તેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય છે કે, આ ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ફરીયાદીને આપેલ છે.

હવે આ અનુમાનનું ખંડન કરવાની જવાબદારી અને બોજો આરોપી ઉપર છે અને તે માટે આરોપીએ પુરાવો રજુ કરવો પડે અને ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન અનુમાનનું ખંડન થાય છે તેવી શકયતા અને સંભાવના ઉભી કરવી પડે અથવા ફરીયાદીએ જે પુરાવો રજુ કર્યો છે તેનો આધાર રાખી એવી  ખંડનાત્મક હકીકત આરોપીએ પુરવાર કરવાની રહે છે. હવે આરોપી ધ્વારા ફરીયાદ પક્ષની ઉલટ જોતાં નીચે મુજબ  છે.

'' હું ગ્રેજયુએટ થયેલ છું. હું હાલમાં વડનગર મુકામે આઈ.આઈ.એફ.એલ. ગોલ્ડ લોનનો ફાયનાન્સનો ધંધો કરું છું. હું અને હાલના આરોપી સને ૨૦૧૩ માં સાથે નૌકરી કરતા હતા તેથી ઓળખુ છું. તે સમયે અર્બુદા ક્રેડીટ સોસાયટીમાં હું સતલાસણા શાખામાં બેસતો હતો અને આરોપી આબુરોડ ઓફીસમાં બેસતા હતા ત્યારથી ઓળખું છું. મેં બજાજ ફાયનાન્સમાં લોન સને ૨૦૧૯ માં લીધેલ. આ લોન મને હાલના આરોપી કુલદીપભાઈએ કરાવી આપેલ. આ લોન હાલમાં મારે ચાલુ છે. મેં બજાજ ફાયનાન્સમાં લોન લીધેલી તેના દસ્તાવેજ હું રજુ કરી શકું. એ વાત ખરી નથી કે મેં આરોપીને લોન ભરવા પૈસા આપેલા તે હકીકત હું ખોટી જણાવુ છું. એ વાત ખરી છે કે મને બેંકીંગનો અનુભવ છે. એ વાત ખરી છે કે લોનની રકમ ઓનલાઈન પણ ભરી શકાય.

સવાલઃ તમે લોન કેમ ઓનલાઈન ભરેલી નહી?

જવાબઃ મને ઓનલાઈન ફાવતુ ન હોઈ મેં ભરેલ નહી.

એ વાત ખરી નથી કે મેં બજાજ ફાયનાન્સમાંથી લોન લીધેલાની હકીકત ખોટી જણાવુ છું. એ વાત ખરી છે કે હાલના આરોપી લોન અપાવવાનું કામ કરતા હતા. સા.સ્વે. જણાવે છે કે એકસીસ બેંકના એમ્પ્લોઈ હતા. એ વાત ખરી છે કે કન્સલ્ટીગનું કામ કરનાર વ્યકિત હપ્તા ઉઘરાવવા આવે નહી તે કામ અન્ય વ્યકિત કરતા હોય. એ વાત ખરી છે કે આરોપી હપ્તા લેવા સારૂ આવતા તેવી હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં મારી ફરીયાદ તથા નોટીસ અને સરતપાસ વાંચેલી અને તે સાચી હોઈ મેં તેમાં સહી કરેલી. હું હાર્દીકભાઈ દવે ને ઓળખુ છું અને તે મારા મિત્ર થાય છે. એ વાતની મને ખબર છે કે હાર્દીકભાઈએ હાલના આરોપી વિરુધ્ધ વડનગર કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે હાલના આરોપીએ મને કોઈ ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે મેં હાર્દીક ભાઈ પાસેથી ચેક લઈ અને તેનો દુરઉપયોગ કરેલ છે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત કન્સલ્ટીંગનું કામ કાજ કરતા હોય તેને ફી આપવાની હોય છે. સા.સ્વે. જણાવે છે કે એમ્પ્લોઈને આપવાની હોતી નથી. મારી લોન વખતે આરોપી એકસીસ બેં કમાં એમ્પ્લોઈ તરીકે કામ કરતા હતા. એ વાત ખરી છે કે આરોપીએ મને બીજી બેંકમાં પણ લોન કરી આપેલી. આરોપીએ મને એકસીસ બેંકમાંથી તથા આઈસીઆઈસીઆઈ માંથી લોન કરી આપેલી. એ વાત ખરી છે કે લોન લીધેલ હોય તો તેના હપ્તા નિયમીત ભરવાના હોય છે. હું અર્બુદા ક્રેડીટ સોસાયટીમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે આ ક્રેડીટ સોસાયટી બંધ થઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે તે બાબતે મારી સામે લોકોએ કેસ કરેલા. હું રીટર્ન ભરૂ છું. શું મારુ રીટર્ન રજુ કરી શકું. મે રૂ.૮૦,૦૦૦/- આરોપીના ખાતામાં જમા કરાવેલ તેનું સ્ટેટમેન્ટ રજુ કરી શકું. એ વાત ખરી છે કે આરોપીએ મને કઈ જગ્યાએ અને કઈ તારીખે ચેર આપે તે હકીકત મારી ફરીયાદ, નોટીસ કે સરતપાસમાં જણાવેલ નથી.

એ વાત ખરી છે કે મેં મારી નોટીસ, ફરીયાદ અને સરતપાસ વાંચીને સહી કરેલી. એ વાત ખરી છે કે તેમાં જણાવેલ હકીકત સાચી છે. એ વાતની મને ખબર છે કે ખોટુ સોગંદનામું કરવું ગુનો બને છે. મેં બજાજ ફાયનાન્સમાંથી આશરે રૂ.૨,૬૯,૦૦૦/- લીધેલા. આ લોન સને ૨૦૨૧ માં લીધેલ. આ લોન હાલમાં

ચાલુ છે. આ લોન હાલના આરોપીએ કરી આપેલ. આરોપીએ મને લોન ભરવા પૈસા આપેલા તે વખતે મારી લોન રૂ.૨,૩૯,૦૦૦/– બાકી હતી. મને મારી બેંકનું સ્ટેટમેન્ટ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે મારી લોન રૂ.૨,૩૯,૦૦૦/– તા.૨૫/૧૨/૨૧ ના રોજ પુરી થઈ ગયેલ છે. જે સ્ટેટમેન્ટ ને રજુ દાખલ આંક–22, સા.સ્વે. જણાવે છે કે આ લોન એકસીસ બેંકમાં બીજી લોન લીધેલ જેથી મને એકસીસ બેંકે ડીમાન્ડ ડ્રાફટ આપેલ જેનાથી લોન પેડ થયેલ. એ વાત ખરી નથી કે મારી ફરીયાદમાં જણાવેલ હકીકત તા.૩૦/૧૨/૨૧ ના રોજ રૂ.૩૦,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરેલા અને તા.૧૮/૧૨/૨૧ ના રોજ બીજા ૮૦,૦૦૦/– ટ્રાન્સફર કરેલાની હકીકત ખોટી જણાવુ છું.

સવાલઃ તમારી લોન તા.૨૫/૧૨/૨૧ ના રોજ પુર્ણ થયેલ તો તમે તા.૩૦/૧૨/૨૧ ના રોજ રૂ.૩૦,૦૦૦/– કેમ ટ્રાન્સફર કરેલા?

જવાબઃ રૂ.૨૩૯૪/– બાકી રહેલ કોઈ રકમ જમા થયેલ નહી અને લોન ફરીથી ટોપ અપ થયેલ તેથી અમે પૈસા આપેલા.

આંક–૧૭ વાળો ચેક આરોપીએ ભરીને આપેલ. આ ચેક પાલનપુર મુકામે હાર્દીકભાઈ દવેની હાજરીમાં આપેલ. આ ચેકની તમામ વિગત આરોપીએ ભરેલી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ચેક ભરીને આપે તો તમામ વિગત એક જ પેનથી લખેલ હોય. એ વાત ખરી છે કે ચેકમાં સહી કરેલ પેન અને બાકીની વિગત લખેલ પેન અલગ અલગ છે. એ વાત ખરી છે કે હાર્દીકભાઈ દવે મારા મિત્ર છે. હાર્દીકભાઈ દવે એ મારા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરેલા. તેઓને આશરે રૂ.૧,૨૫,૦૦૦/– ટ્રાન્સકર કરેલા. આ પૈસા તેઓએ કુલદીપભાઈને આપવા માટે મારા ખાતામાં ટ્રાન્સફર કરેલા. એ વાત ખરી નથી કે મેં આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરેલા પૈસા હાર્દીકભાઈના આપેલા હતા. એ વાત ખરી છે કે આંક–૧૯ રીટર્ન મેમોમાં બેંકના કોઈ સહી સીકકા નથી. આરોપીએ મને એકસીસ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંકની લોન સને ૨૦૨૧ ના ડિસેમ્બર અથવા ૨૦૨૨ ના જાન્યુઆરીમાં કરી આપેલ. તેમાં એકસીસ બેંકમાંથી ૪,૨૩,૦૦૦/– અને આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ.૭,૦૦,૦૦૦/– લોન કરેલી.

સવાલઃ તમે આરોપીને લોન પુરી કરવા કેટલા પૈસા અને કઈ તારીખે આપેલા?

જવાબઃ લોન પુરી કરી એન.ઓ.સી. લેવા માટે આપેલા.

એ વાત ખરી છે કે આરોપીને રૂ.૪૧,૦૦૦/- રોકડા આપેલા તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે રૂ.૧૯,૦૦૦/- તથા રૂ.૧૦,૦૦૦/-અને રૂ.૧૦,૪૬૯/- આરોપીએ મને આપેલા તે હાર્દીકભાઈને આપેલા પૈસા આપેલા. એ વાત ખરી છે કે મેં આ કામે સને ૨૦૧૯ માં કરેલ લોનના કાગળો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હાર્દીકભાઈને વડનગર કોર્ટમાં હાલના આરોપી ઉપર કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ મને કોઈ ચેક આપેલ નથી પણ મેં હાર્દીકભાઈ પાસેથી ચેક મેળવેલ છે. એ વાત ખરી નથી કે હું આરોપી પાસે કોઈ પૈસા માગતો ન હોવા છતાં હાર્દીકભાઈ પાસેથી ચેક લઈને ચેકનો દુર ઉપયોગ કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીએ કઈ તારીખનો ચેક આપેલ અને કઈ જગ્યાએ આપેલ તે હકીકત મારી નોટીસ, ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી."

(૧૦).. આમ, ઉપરોકત ઉલટ તપાસમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે આરોપીએ ફરીયાદીને કોઈ ચેક આપેલ નથી પરંતુ ફરીયાદીએ હાર્દીકભાઈ પાસેથી હાલનો ચેક લઈ અને દુરઉપયોગ કરેલ છે. પરંતુ સદર કથનનાં સમર્થનમાં આરોપીપક્ષ તરફથીઆ કામે ફરીયાદીએ જેંની પાસેથી ચેક મેળળવેલ તે હાર્દીકભાઈને આ કામે તપાસેલ નથી કે તે બાબત સાબિત કરી શકે તેવો કોઈ ઠોસ પુરાવો આ કામે રજુ કરેલ નથી. જેથી આરોપીનો સદર બચાવ માની શકાય તેમ નથી.

વધુમાં,આરોપીપક્ષ તરફથી એવો બચાવ લેવામા આવેલ છે કે, ફરીયાદી જે લોનની વાત કરે છે તે આરોપી ધ્વારા ભરી દેવામાં આવેલ છે પરંતુ ફરીયાદી તેમની ઉલટ તપાસમા જણાવે છે કે આ રકમ અન્ય લોન પૈકીની હતી જેથી આરોપીનો સદર બચાવ માની શકાય તેમ નથી.

વધુમાં,આરોપીપક્ષ તરફથી એવો બચાવ લેવામા આવેલ છે કે, હાલની તકરારી રકમ હાર્દીકભાઈ ધ્વારા આરોપીને આપવા સારૂ ફરીયાદીને આપવામાં આવેલ અને તે રકમ ફરીયાદીએ ચુકવેલ છે અને ફરીયાદીએ કોઈ રકમ આરોપીને આપેલ નથી પરંતુ આરોપી પક્ષ ધ્વારા સદર હકીકત સાબિત કરવા સારૂ હાર્દીકભાઈને આ કામે તપાસવામાં આવેલ નથી કે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજુ કરેલ નથી. જેથી આરોપીપક્ષનું ઉપરોકત બચાવ પણ માની શકાય તેમ નથી. આમ, સમગ્ર ઉલટ તપાસ જોતાં આ કામે આરોપી તર્ફે આ કામના ફરીયાદીની ઉલટ તપાસમાંથી એવી કોઈ ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

વધુમાં, નામદાર ઉચ્ચ અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠરાવેલ છે કે, માત્ર હકીકતોનો સ્વીકાર ન કરવાથી કે માત્ર શંકા ઉત્પન્ન કરવાથી આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખં ડન કરેલ હોવાનું માની શકાય નહી તેમજ જયાં સુધી આરોપી પોતાના બચાવમાં સચોટ પુરાવો રજુ ન કરે ત્યાં સુધી પણ આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરેલ હોવાનું માની શકાય નહી. હાથ ઉપરના કેસમાં પણ આરોપીપક્ષ તરફથી માત્ર ફરીયાદીના કેસની હકીકતોનું અસ્વીકાર કરવામાં આવેલ છે તેમજ પોતાના બચાવમાં કોઈ માની શકાય તેવો સચોટ પુરાવો રજુ રાખેલ નથી કે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરતી કોઈ હકીકત આરોપીપક્ષ ફરીયાદીની ઉલટ તપસામાં કઢાવી શકેલ નથી.

સદર કામે ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની જુબાનીની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીની સરતપાસની જુબાનીની મહત્વની હકીકતોનું ખંડન કરવામાં

આરોપી નિષ્ફળ નીવડેલ છે અને તેવા સંજોગોમાં આરોપીએ ફરીયાદવાળો જે ચેક આપેલ છે તે ગીરો મુકેલ જમીન પરત છોડાવવા સારૂ હાથઉછીની આપેલ રકમ અંગેના કાયદેસરના લેણા પેટે આપેલ છે તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

**(૧૧)..** સદર કામે હાલની ફરીયાદવાળો આંક–૧૭ વાળો ચેક તા.૨૫/૦૪/૨૦૨૨ નો છે. સદર ચેક ફરીયાદીએ તેની વેલીડીટી સમય દરમ્યાન સ્વીકાર થવા બેંકમાં રજુ કરેલ છે, પરંતુ સદર ચેક આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ ન હોવાથી પરત ફરેલ છે જેનો રીટર્ન મેમો આંક–૧૯ થી રજુ કરેલ છે. આમ ફરીયાદીએ સદર ચેક કાયદેસરની સમય મર્યાદામાં સ્વીકાર થવા તેમની બેંકમાં જમા કરાવેલ હતો, પરંતુ આરોપીના ખાતામાં પરતુ ભંડોળ ન હોવાથી પરત ફરેલ છે.

વધુમાં, સદર ફરીયાદવાળો ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આરોપીને તેમના સરનામે તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ લેખિતમાં કાનુની નોટીસ રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલેલી, સદર નોટીસની આરોપીને તા. ૨૫/૦૫/૨૦૨૨ ના રોજ બજવણી થયેલ છે કે નહી તે બાબતની ચર્ચા કરુ તો સદર નોટીસ આરોપીને તેના ફરીયાદમાં જણાવેલ સરનામે આર.પી.એડી.થી મોકલી આપવામા આવેલ હોવાનું આંક– ૧૯ ધ્યાને લેતા જણાય છે. હવે, આ કામે આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ સમન્સ/વોરંટ આરોપીને બજેલ છે જેમાં આરોપીનું સરનામું એ જ સરનામું છે જે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આ કામના આરોપીનું સરનામું જણાવેલ છે. વધુમાં, આ કામે આરોપીની આંક–૬૮ થી નોંધવામા આવેલ પ્લીમા પણ આરોપીએ પોતાનુ પાલનપુર, જી.બનાસકાંઠા મુકામનું જ સરનામુ જણાવેલ છે. આમ, આંક–૨૦ વાળી નોટીસ આરોપીને તેના સાચા સરનામે આર.પી.એડી.થી મોકલવામા આવેલ હોવાની હકીકત સાબીત થાય છે.

આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાઓ વંચાણે લેતાં, આરોપીએ ફરીયાદીની લોન ભરીને પુરી કરી દેવા સારૂ હાથ ઉછીની લીધેલ રૂા.૧,૪૫,૦૦૦/– ની લ્હેણી રકમ પેટે આરોપીએ આંક–૧૭ નો ફરીયાદવાળો ચેક ફરીયાદીને તેમના કાયદેસરના લેણાં નીકળતા નાણાં પેટે આપેલો જે ચેક આરોપીની બેંકે અપુરતા ભંડોળના શેરા સાથે પરત કરતા ફરીયાદી તેમના કાયદેસરના નાણાં મેળવી શકેલ નહી અને જેથી ફરીયાદીએ આંક–૨૦ વાળી નોટીસ આરોપીને તેના સાચા સરનામે જ આર.પી.એડી.થી મોકલવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થતી હોવા છતાં, આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં નીકળતા નાણાં ન ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સં પુર્ણપણે સફળ રહેલ છે, જેથી મુદૃા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં.૨ :–</u>** આમ, સદર કામે ઉપરોકત કરેલ ચર્ચાના આધારે મુદૃા નં.૨ અંગેનો આખરી હુકમ નીચે મુજબ કરુ છુ.

**–:: <u>હુકમ</u> ::–**

આ કામના આરોપી જોષી કુલદીપ શંકરલાલ, ઉ.વ.આ. પુખ્ત, રહે–એ–૪૦૪, શ્રીકુંજ વિલા, કુબેરનગર, અમદાવાદ હાઈ–વે, પાલનપુર, જિલ્લો–બનાસકાંઠાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સજા માટે સાંભળવા મુલતવી.

**સ્થળઃ સતલાસણા**
**તા.૩૦–૦૪–૨૦૨૬**

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**
**સતલાસણા**
**કોડ નં. જીજે– ૦૧૬૧૩**

**<u>સજા અંગે સાંભળ્યા:–</u>**

ફરીયાદી તર્ફે તેમના વિ.વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે.ફરીયાદીના વશ્રી તરફે રજુઆત છે કે આરોપીએ ફરીયાદી પાસેથી લોન ભરીને પુરી કરી દેવા સારૂ હાથ ઉછીની લીઘેલ રૂા.૧,૪૫,૦૦૦/– ની લ્હેણી રકમ પેટે ફરીયાદ વાળો ચેક આપેલો અને સદર ચેક ફરીયાદીએ બેંકમા જમા કરાવતા ચેક રીટર્ન થતા આરોપીએ ફરીયાદીના બાકીના પૈસા ન ચુકવી ગંભીર ગુનો આચરેલ છે.જેથી આરોપીને કાયદા પ્રમાણે થતી મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

આરોપી તર્ફે એવી રજુઆત છે કે, આરોપી કુટુંબ કબીલાવાળા વ્યકિત છે, આરોપીના કુટુંબની દેખરેખની જવાબદારી આરોપી ઉપર છે અને આરોપી તેના કુટું બમાં કમાનાર એકમાત્ર વ્યકિત છે જેથી આરોપી ઉપર દયાભાવ રાખી આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત રજુઆતો ઘ્યાને લેતાં તેમજ આરોપી વિરૂઘ્ઘ પુરવાર થયેલ ગુનાની ગંભીરતા જોતા તેમજ હાલમાં દિન પ્રતિદિન આવા પ્રકારના ગુનામાં વધારો થતો હોય આરોપીને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાતુ નથી તેમજ આરોપી તર્ફેની રજુઆત જોતા આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની મહતમ સજા ન કરતા ઓછી સજા કરવા માટેના કારણો છે, પરંતુ આરોપી સામે પુરવાર થયેલો ગુનો જોતાં તેમજ ફરીયાદીનું આરોપી પાસે લેણું પુરવાર થતા તેવા સંજોગોમાં ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ–૩૫૭ અન્વયે ચેકની રકમ વ્યાજ સાથે આરોપી પાસેથી ફરીયાદીને વળતર તરીકે અપાવવા હુકમ કરવો પણ ન્યાયી જણાય છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી જોષી કુલદીપ શંકરલાલ, ઉ.વ.આ. પુખ્ત, રહે.–એ–૪૦૪, શ્રીકુંજ વિલા, કુબેરનગર, અમદાવાદ હાઈ–વે, પાલનપુર, જિલ્લો–બનાસકાં ઠાનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને–૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદી મેવા જીગ્નેશકુમાર વશરામભાઈ, રહે. મુ. વાવ, આમ્રપાલી સોસાયટી, તા.સતલાસણા, જિ.મહેસાણાનાઓને ચેકની રકમ રૂા.૧,૪૫,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પિસ્તાલીસ હજાર ) પુરા વળતર પેટે દિન–૩૦ માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. જો આ વળતરની રકમ આરોપી ફરિયાદીને ન ચુકવે તો વધુ–૦૨(બે) મહિનાની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને સદરહુ હુકમની એક નકલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩(૧) મુજબ વિના મુલ્યે કચેરીએ પુરી પાડવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સ્થળઃ સતલાસણા**
**તા.૩૦–૦૪–૨૦૨૬**

**(જૈમિન ધીરૂભાઈ પટેલ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**
**સતલાસણા**
**કોડ નં. જીજે– ૦૧૬૧૩**